
ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

**ખેતી, ખેતમજૂરી અને પશુપાલન ગામનો મુખ્ય વ્યવસાય, ગામની વસતી ૭૭૫૬, ઉપરાંત ૨૨૭૭થી વધુ ઔદ્યોગિક એકમ આવેલાં છે**

# ઓલપાડ તાલુકાથી ૧૪ કિ.મી.ના અંતરે આવેલું ને દાંડી રોડને કારણે બે ભાગમાં વહેંચાયેલું ગામ એટલે




# દેલાડ

ઓલપાડ તાલુકાથી ૧૪ કિ.મી.ના અંતરે આવેલું ગામ દેલાડ દાંડી રોડ ગયો હોવાથી બે ભાગમાં વહેંચાયેલું છે. દેલાડ એટલે રાજકીય અને સહકારી ક્ષેત્રે અગ્રેસર ગામ. અહીં પાટીદાર, આદિવાસી, માહ્યાવંશી અને આહિર લોકોની વસતી મુખ્ય છે. ગામના વ્યવસાયમાં મુખ્યત્વે ખેતી, ખેતમજૂરી અને પશુપાલન છે. ગામમાં શેરડી, ડાંગર તેમજ શાકભાજી જેવાં ખેત-ઉત્પાદનોના પાક લેવામાં આવે છે. અહીં પ્રાથમિક શાળા, પંચાયત ઘર, આંગણવાડી તેમજ દૂધની ડેરી, બેંક, હોસ્પિટલ, દવાખાનાં, આરોગ્ય કેન્દ્ર, શુદ્ધ પાણીનો આરઓ પ્લાન્ટ જેવી સવલતો પ્રાપ્ય છે. ગામમાં ફળિયાં અને સોસાયટી મળી ૧૭ છે. દરેક ફળિયા-સોસાયટીમાં શુદ્ધ પીવાના પાણીની, પેવર બ્લોક, ગટર લાઈન, સ્ટ્રીટ લાઈટ, આરસીસી રસ્તાઓની તેમજ ખેતરાડી મેટલિંગ રસ્તાઓની સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામની વસતી ૭૭૫૬ છે. જ્યારે ગામની ચારેબાજુ ઔદ્યોગિક એકમ આવેલાં છે. જેની સંખ્યા ૨૨૭૭ જેટલી છે. જેથી મોટા ભાગના લોકોને ગામમાં જ રોજગારી મળી રહે છે. અત્યાર સુધી પ્રધાનમંત્રી આવાસના લાભાર્થીઓની સંખ્યા ૧૯૨ને વટી ગઈ છે. હાલ ૪૮ આવાસનાં કામ ચાલુ છે અને ૭૨ જેટલાં મંજૂર થયેલાં છે. દેલાડ ગામ અનેક સુવિધાથી સજ્જ છે.



## દેલાડ ગામમાં પુત્રીના જન્મનાં વધામણા: લક્ષ્મીજીના ચાંદીના સિક્કા આપી પરંપરા જાળવી રાખી

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાનથી પ્રેરિત થઈને ઓલપાડના દેલાડ ગામમાં દીકરીના જન્મને પ્રોત્સાહિત કરવાની અનોખી પરંપરા જળવાઈ રહી છે. પૂર્વ સરપંચ ભાવિન પટેલ અને તેમની ટીમે અત્યાર સુધી ૧૫૦થી વધુ નવજાત બાળકીઓને લક્ષ્મીજીના ચાંદીના સિક્કા તથા પ્રમાણપત્ર આપી વધામણાં કર્યાં છે. આ સાથે માતાઓનું પુષ્પથી સન્માન કરી દીકરીઓના આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. ગામ પંચાયત દ્વારા દીકરીઓને તમામ સરકારી યોજનાઓનો લાભ અપાવવા તત્પરતા દાખવવામાં આવે છે.

## ઐતિહાસિક ક્ષણ: દાંડીકૂચ દરમિયાન ગાંધીજી દેલાડ ગામે બે દિવસ રોકાયા હતા



ભારત અને વિશ્વના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં ઐતિહાસિક દાંડીકૂચ અનન્ય અને શિરમોર ઘટના ગણાય છે. સન-૧૯૩૦માં ૧૨ માર્ચથી ૬ એપ્રિલ દરમિયાન મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ૮૦ સત્યાગ્રહી સૈનિકોએ અમદાવાદના સાબરમતી આશ્રમથી દાંડી સુધી આશરે ૩૯૦ કિલોમીટર લાંબી કૂચ કરીને બ્રિટિશ હકુમતના પાયા હચમચાવી દીધા હતા. ગરીબ અને તવંગર સૌ કોઈ માટે અતિ આવશ્યક એવા મીઠા પરના અન્યાયી કરના વિરોધમાં નીકળેલી આ કૂચ દરમિયાન ૩૦ માર્ચ-૧૯૩૦, રવિવારના રોજ મહાત્મા ગાંધીજી સત્યાગ્રહીઓ સાથે દેલાડ ગામે આવી પહોંચ્યા હતા. દેલાડ ગામના પ્રવેશદ્વાર પાસે રસ્તાની બંને બાજુ ગ્રામજનો શિસ્તબદ્ધ રીતે ગોઠવાઈ ગયા હતા અને ઢોલ-શરણાઈના સૂર સાથે કૂચનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. લોકો ભજનીક ઉમેદરામભાઈનાં ભજનો ઉલટભેર ઝીલતાં હતાં. ગામના એક વિશાળ ખેતરમાં સાર્વજનિક પ્રાર્થનાનું આયોજન કરાયું હતું, જેમાં ખરેજીએ 'તું દયાળ દીન હું' એ પ્રસિદ્ધ ભજન ગાયું હતું. બાપુના મુકામ માટે સાદી ઝૂંપડી અને સૈનિકો માટે મંડપો બનાવવામાં આવ્યા હતા. બીજા દિવસે સોમવારે ગાંધીજીનો મૌનવાર હોવાથી સૌનો અહીં બે દિવસનો મુકામ હતો. ગામલોકોએ પેટ્રોમેક્સની વિઝન વિદાય કરી ફાનસો લટકાવીને સાદગીપૂર્ણ છતાં સરસ વ્યવસ્થા કરી હતી. રાત્રિ રોકાણ દરમિયાન ભાષણમાં ગાંધીજીએ દરિદ્રનારાયણનો વિચાર વ્યક્ત કરતા કહ્યું હતું કે, "હું ૨૪ કલાક વિચાર કરતો રહું છું, છતાં મને લાગે છે કે હું પ્રમાણમાં ઘણું ખાઉ છું. દેશમાં અસંખ્ય માણસોને માત્ર રોટલો ને ખરાબ મીઠું મળે છે, છતાં મોહવશ થઈ હું દૂધ પીઉ છું." તેમણે ગામના ટમટમતાં ફાનસો જોઈને વિશેષ હર્ષ વ્યક્ત કર્યો હતો. આજે પણ દેલાડ ગામ આ ઐતિહાસિક સ્મૃતિઓને જીવંત રાખીને દાંડી પથના યાત્રીઓ માટે રહેવા તથા જમવાની ઉત્તમ સગવડ પૂરી પાડે છે.

## જળસંચયને પગલે પાણીની ગુણવત્તામાં સુધારો



દેલાડ ગામમાં જળસંચય અને જળસ્ત્રોતોના સંવર્ધનની ઉત્કૃષ્ટ કામગીરી સામે આવી છે. ઓલપાડના ધારાસભ્યની આગેવાનીમાં અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા સી.આર. પાટીલની 'કેચ ધ રેઈન' ઝુંબેશ હેઠળ ગામમાં સરકારી, ખાનગી અને ઈન્ડસ્ટ્રિયલ પરિસરમાં મળીને ૧૮૦ જેટલા વોટર હાર્વેસ્ટિંગ રિચાર્જ બોર બનાવાયા છે. આ ભગીરથ કાર્યના પરિણામે ભૂગર્ભ જળસ્તરમાં સુધારો થવાની સાથે પીવાના પાણીનું TDS ૧૨૦૦થી ઘટીને ૮૦૦ થઈ ગયું છે. વડાપ્રધાન મોદીએ આ સફળ કામગીરીનો વિડીયો નિહાળીને દેલાડ ગામના મોંફાટ વખાણ કર્યાં હતાં અને અન્ય ગામોને પણ આ મોડેલ અપનાવવા સૂચન કર્યું છે. રિચાર્જ સિસ્ટમને કારણે ગામમાં જળબંબાકારની સમસ્યાનો અંત આવ્યો છે અને વરસાદી પાણી સીધું જમીનમાં ઊતરી રહ્યું છે.



## દેલાડ ગામના તળાવની કાયાપલટ

સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (SUDA) દ્વારા દેલાડ ગામ ખાતે ૬ કરોડના ખર્ચે તળાવનું નવીનીકરણ કરી ભવ્ય આનંદ સરોવર તૈયાર કરવામાં આવ્યું છે. ગામના સીમ વિસ્તારનું વરસાદી પાણી તળાવમાં એકત્ર થાય એ માટે ૪૦ ફૂટ ઊંડો બોર બનાવી ખાસ રિચાર્જ સિસ્ટમ ઊભી કરાઈ છે, જેનાથી ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવામાં મોટી મદદ મળશે. તળાવ આસપાસની ગંદકી દૂર કરી માટીપુરાણ દ્વારા સુંદર બગીચો, ઘટાદાર વૃક્ષો અને ફૂલછોડ વાવવામાં આવ્યાં છે. ગામજનો માટે વોકિંગ ટ્રેક, સિનિયર સિટિઝન્સ માટે બેઠક વ્યવસ્થા અને બાળકો માટે રમત-ગમતનાં સાધનો ઉપલબ્ધ કરાવાયાં છે. કાયાપલટ બાદ આ રમણીય પિકનિક સ્પોટ સ્થાનિકો માટે ખુશી અને આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

## રોલર સ્કેટ સ્પર્ધામાં જશ પટેલે ગામનું ગૌરવ વધાર્યું



દેલાડ ગામના ખેડૂત પરિવારના ૭ વર્ષીય જશ અંકુરકુમાર પટેલે ચંદીગઢ ખાતે યોજાયેલી રોલર સ્કેટિંગ સ્પર્ધામાં ૩ ગોલ્ડ મેડલ જીતીને ગુજરાત અને ગામનું ગૌરવ વધાર્યું છે. જશ અગાઉ પણ મૈસૂરુમાં એક સિલ્વર, ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ ૨૦૨૫માં એક ગોલ્ડ, એક સિલ્વર, એક બ્રોન્ઝ, રોલર સ્કેટ ફેડરેશન ઓફ ઈન્ડિયા નેશનલ ગેમ ૨૦૨૫ વિશાખાપટ્ટનમમાં બે બ્રોન્ઝ મેડલ મેળવી ચૂક્યો છે.

## દેલાડ વિભાગ દૂધ અને શાકભાજી સહકારી મંડળી




દેલાડ ગામના આર્થિક અને સામાજિક વિકાસમાં દેલાડ વિભાગ દૂધ અને શાકભાજી સહકારી મંડળીનો સિંહફાળો રહ્યો છે. વર્ષ-૧૯૬૭માં નટવરભાઈ નાથુભાઈ પટેલ દ્વારા સ્થપાયેલી આ મંડળીએ શરૂઆતમાં ટીંડોળા જેવાં શાકભાજી દરરોજ ૩-૪ ટ્રક બોમ્બે માર્કેટમાં વેચીને ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવ્યા હતા. વર્ષ-૧૯૮૫ પછી ખેડૂતો શેરડીની ખેતી તરફ વળ્યા. આ મંડળીમાં જયેશભાઈ (દેલાડ) ૨૫ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા આપી સુમુલ બેંકમાં પણ પ્રતિનિધિત્વ કરી ગામની પ્રગતિની મુખ્ય ધરી બન્યા છે.

## જયેશ દેલાડની સફર યાત્રા



દેલાડ ગામના સહકારી આગેવાન જયેશ પટેલ જે જયેશ દેલાડ તરીકે ઓળખાતા આવ્યા છે. તેમણે ૧૯૯૫માં ગુજરાત ખેડૂત સમાજના ઓલપાડના પ્રમુખ તરીકે જાહેર જીવનની શરૂઆત કરી હતી. ૧૯૯૭માં જીવનરક્ષા હોસ્પિટલમાં રામકથા દ્વારા દાન માટે બાબુકાકા સાથે કામગીરી કરી અને સને-૨૦૦૦માં જીવનરક્ષામાં માનદ મંત્રી તરીકે ૧૫ વર્ષની કામગીરી કરી હતી. દેલાડ દૂધમંડળીમાં ૨૦૦૧થી ૨૦૨૬ સુધી પ્રમુખ તરીકે સેવા આપી સુમુલ ડેરીમાં પણ ૨૫ વર્ષ ડિરેક્ટર રહ્યા. પુરુષોત્તમ ફાર્મસમાં ત્રણ વર્ષ પ્રમુખ તરીકે અને દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજમાં ૧૫ વર્ષ પ્રમુખ રહ્યા હતા.

## ગ્રામ પંચાયતનાં હોદ્દેદારો



- **સરપંચ**-વીણાબેન ભાવિનભાઈ પટેલ
- **ઉપસરપંચ**-કાળુભાઈ મોહનભાઈ સાંખટ
- **સભ્યો**-શ્વેતા સાત્વિકસિંહ ખેર
- શીલા ગોકુલભાઈ વસાવા
- બળવંત મોહનભાઈ રાઠોડ
- કલ્પના સંજયભાઈ રાઠોડ
- ભાનુબેન બળવંતભાઈ ખેર
- શીલાબેન પ્રતાપભાઈ સોલંકી
- પ્રવીણ બુધિયાભાઈ રાઠોડ
- જીતેન્દ્ર નરસિંહભાઈ ડોબરિયા
- કિન્નરીબેન રમેશભાઈ રાઠોડ
- **તલાટી કમ મંત્રી**-નીલમબેન લાખાણી



♦**ઉપસરપંચ**-કાળુભાઈ મોહનભાઈ સાંખટ